eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 186
July 03, 2009

## કાંકરાખાડી પર સાકારિત બ્રિજની ઉદ્‌ઘાટનવિધિ

સુરત મહાનગરપાલિકા દ્વારા ઉધના ઝોન ખાતે ઉધના મગદલ્લા રોડ અને બમરોલીને જોડતા રસ્તા પર ગાંધીકુટિર પાસેના ૮૦ ફુટના રસ્તા પર કાંકરાખાડી પર સાકારિત બ્રિજની ઉદ્‌ઘાટનવિધિ આજ રોજ તા.૨૭–૦૬–૨૦૦૯ને શનિવારે સવારે ૦૯.૩૦ કલાકે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે તથા શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા, મા. અધ્યક્ષશ્રી, જાહેર બાંધકામ સમિતિના વરદહસ્તે સંપન્ન થઈ હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તાપી માતાની જન્મ દિનની ઉજવણી

ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને, તાપી સ્મરણે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ ઝોન(વરાછા)ની કામગીરી

સુરત મહાનગરપાલિકા પૂર્વ ઝોન (વરાછા) વિસ્તારમાં આવેલી ટી.પી. ૩૪ તથા ટી.પી. ૫૩ (મગોબ–ડુંભાલ)ના વિસ્તારની ઝોનલ ચીફ શ્રી ધ્વારા લેવામાં આવેલ મુલાકાત દરમ્યાન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્કુલ એન્ડ પ્લેગ્રાઉન્ડ માટે જમીનનો કબ્જો મેળવ્યો

સુડાની પુનઃ વિકાસ યોજનામાં "સ્કુલ એન્ડ પ્લેગ્રાઉન્ડ" ના સુરત મહાનગરપાલિકાના જાહેર હેતુ માટે રીઝર્વેશન હેઠળની વોર્ડ નં. ૨, નોંધ નં.૩૪૨૫ પૈકી વાળી ૨૧૫૧. ૭૪ ચો.મી. જગ્યા જમીન સંપાદન ધારાની જોગવાઈ હેઠળ ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, શાખા નં. ૪, સુરત ધ્વારા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાંસ્કૃતિક વિભાગની કામગીરી

સુરત મહાનગરપાલિકા ધ્વારા અલુણાવ્રત નિમિત્તે તારીખ ૫/૭/૨૦૦૯ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે માધ્યમિક તથા ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધા અને તા. ૬/૭/૨૦૦૯ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## કાંકરાખાડી પર સાકારિત બ્રિજની ઉદ્‌ઘાટનવિધિ

સુરત મહાનગરપાલિકા દ્વારા ઉધના ઝોન ખાતે ઉધના મગદલ્લા રોડ અને બમરોલીને જોડતા રસ્તા પર ગાંધીકુટિર પાસેના ૮૦ ફુટના રસ્તા પર કાંકરાખાડી પર સાકારિત બ્રિજની ઉદ્‌ઘાટનવિધિ આજ રોજ તા.૨૭–૦૬–૨૦૦૯ને શનિવારે સવારે ૦૯.૩૦ કલાકે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે તથા શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા, મા. અધ્યક્ષશ્રી, જાહેર બાંધકામ સમિતિના વરદહસ્તે સંપન્ન થઈ હતી.

સુરત શહેરના નવા વિસ્તારોમાં સામાન્ય પ્રજાજનને પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ થઈ શકે તે માટે સુરત મહાનગરપાલિકા કટિબધ્ધ છે.પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ કરવાના ભાગ રૂપે ચાર લેન હાઈ લેવલ પુલ ની લંબાઈ ૩૧૨.૬ મીટર, સ્પાનની લંબાઈ ૩૦ × ૪ ત્ર ૩૦.૫ × ૨‸ ૧૮૧.૧૦ મીટર, એપ્રોચની લંબાઈ બમરોલી તરફ ૧૨૪.૩૦ મીટર (વિનાયક નગર તરફ), ઉધના મગદલ્લા રોડ તરફ (સ્વામી ઈન્ડસ્ટ્રીયલ તરફ) ૭.૩૦ મીટર. આ પુલની પહોળાઈ : કેરેજ વે ૭.૫ મીટર ત્ર ૭.૫ મીટર‸ ૧૫.૦ મીટર, ફુટપાથ : ૧.૫૦ મીટર બન્ને બાજુ, સર્વિસ સ્લેબ : ૧.૫૦ મીટર બન્ને બાજુ, સેન્ટ્રલ વર્જ ૦.૭૫ મીટર, કુલ પહોળાઈ : ૨૨.૩૦ મીટર. પાઈલ ફાઉન્ડેશન પ્રકારના પાયા, આર. સી. સી. વોલ પીયરનું સબ સ્ટ્રકચર, કાસ્ટ ઈન સીટ ગર્ડર વીથ ડેક સ્લેબનું સુપર સ્ટ્રકચર, સીંગલ સ્ટ્રીપ સીલ ટાઈપ એક્ષપાન્શન જોઈન્ટ, નીયોપ્રીન પેડ બેરીંગનો ઉપયોગ કરવામાં આવેલ છે. રૂા.૯૦૭.૬૨ લાખના ખર્ચે ફકત ૧૨ માસના ટુંકા ગાળામાં પુલનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે.

સુરતના પ્રથમ સાયકલ ટ્રેક ધરાવતા ચારલેન બ્રિજમાં સાયકલ સવારો માટે અલગ ટ્રેકની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ખાડી પરના બ્રિજના નિર્માણથી અઠવાલાઈન્સ, ભટાર અને અલથાણ વિસ્તાર અને પાંડેસરા બમરોલી વચ્ચેનું અંતર ઘટશે. શહેરને ફલાયઓવર સિટી બનાવવા માટે હાથ ધરાયેલી કવાયત અતંર્ગત પાલિકાએ તેની સમાંતર શહેરમાં ઠેર ઠેર ખાડી ઉપર બ્રિજ બનાવવાની શરૂઆત કરેલ છે, જેમાં કાંકરાખાડી પર વધુ એક બ્રિજનું નિર્માણ કર્યુ છે. શહેરના ઔદ્યોગિક વિસ્તાર એવા બમરોલી, પાંડેસરા, વડોદ, સચિન, ભેસ્તાન જેવા વિસ્તાર અને શહેરના પોશ વિસ્તાર એવા ભટાર, અલથાણ, અઠવાલાઈન્સ, સિટીલાઈટ રોડ વચ્ચેનું અંતર ઘટશે.

આ પ્રસંગે પદાધિકારીશ્રીઓ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ,સદસ્યશ્રીઓ, કમિશનરશ્રી, અધિકારીશ્રીઓ/કર્મચારી ગણ તેમજ વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## તાપી માતાની જન્મ દિનની ઉજવણી

ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને, તાપી સ્મરણે.

ઉપરોકત પંકિત જ તાપી માતાના મહાત્મ્ય અંગે ઘણું બધુ કહી જાય છે. ગંગા નદીમાં સ્નાન કરવાથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે તે પૂણ્યમાત્ર તાપી માતનું મનમાં સ્મરણ કરવાથી પ્રાપ્ત થાય છે. તાપી માતા જન્મદિન નિમિત્તે નાનપુરા નાવડી ઓવારા ખાતે (અષાઢ સુદ સાતમ) તા. ૨૮ –૦૬–૦૯ ને રવિવારે સાજે ૬.૩૦ કલાકે સુરત શહેરના શ્રેય માટે પૂજા અર્ચનાનો કાર્યક્રમ સુરત મહાનગરપાલિકા ધ્વારા યોજવામાં આવ્યો હતો. જેમાં મા. મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, કમિશ્નરશ્રી કુ. એસ. અર્પણા, સાંસદ શ્રીમતિ દર્શનાબેન જરદોશ, ધારા સભ્યશ્રી નાનુભાઈ વાનાણી, સાંસ્કૃતિક સમિતિના અધયક્ષા શ્રીમતિ સ્વાતીબેન ભટ્ટ, ઉપાધ્યક્ષ શ્રીમતિ હીનાબેન કાબરાવાલા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ. સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, શહેરીજનો વિગેરે મોટી સંખ્યામાં હાજર રહયા હતા. અને તાપી નદીમાં દીપ પ્રગટાવી પૂજા અર્ચના કરી હતી. અને શહેર માટે મંગલદાયી ભવિષ્યની વાંચ્છના કરી હતી.

TOP

## પૂર્વ ઝોન(વરાછા)ની કામગીરી

સુરત મહાનગરપાલિકા પૂર્વ ઝોન (વરાછા) વિસ્તારમાં આવેલી ટી.પી. ૩૪ તથા ટી.પી. ૫૩ (મગોબ–ડુંભાલ)ના વિસ્તારની ઝોનલ ચીફ શ્રી દ્વારા લેવામાં આવેલ મુલાકાત દરમ્યાન ટી.પી. ૫૩, ફા. પ્લોટ નં. ૪૧ સીલીકોન પેલેસના બિલ્ડરશ્રી વિક્રમભાઈ પ્રહલાદભાઈ દ્વારા વગર પરવાનગીએ ગેરકાયદેસર ડ્રેનેજ કનેકશન કરવામાં આવતું હોવાનું ધ્યાને આવતા, સદર બિલ્ડર પાસેથી દંડ પેટે રૂા. ૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસહજાર પુરા) વસુલ લઈ, ગેરકાયદેસર કનેકશન દુર કરવામાં આવેલ છે.

TOP

## સ્કુલ એન્ડ પ્લેગ્રાઉન્ડ માટે જમીનનો કબ્જો મેળવ્યો

સુડાની પુનઃ વિકાસ યોજનામાં "સ્કુલ એન્ડ પ્લેગ્રાઉન્ડ" ના સુરત મહાનગરપાલિકાના જાહેર હેતુ માટે રીઝર્વેશન હેઠળની વોર્ડ નં. ૨, નોંધ નં.૩૪૨૫ પૈકી વાળી ૨૧૫૧. ૭૪ ચો.મી. જગ્યા જમીન સંપાદન ધારાની જોગવાઈ હેઠળ ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, શાખા નં. ૪, સુરત ધ્વારા તા. ૨૨–૦૫–૦૮ ના રોજ વળતરનો એવોર્ડ જાહેર કરવામાં આવેલ, પરંતુ સદરહુ મિલ્કત સંપાદન કરવા સામે નામદાર હાઈકોર્ટમાં થયેલ દાવા પ્રકરણને કારણે પ્રશ્નવાળી જગ્યાનો કબ્જો લઈ શકાયેલ નહીં.પરંતુ, હાલમાં નામદાર હાઈકોર્ટમાં સદરહુ દાવાનો નિકાલ થઈ ગયેલ હોવાથી પ્રશ્નવાળી મિલ્કતમાં આવેલ હયાત પતરાનાં શેડ/ગોડાઉન, કાચા પાકા રહેઠાણના ઝુંપડાઓના બાંધકામ સ્થળ ઉપરથી દુર કરી, ખુલ્લી જમીનનો કબ્જો ખાસ જમીન સંપાદન અધિકારશ્રી મારફત સુરત મહાનગરપાલિકાએ તા. ૨૯–૦૬–૨૦૦૯ ના રોજ મેળવેલ છે. સદરહુજગ્યાનો કબ્જો મળવાથી સુરત મહાનગરપાલિકા નવસારી બજાર, રાજેશ્રી સિનેમાવાળા ગીચ વિસ્તારમાં બાળકો માટે સ્કુલ એનડ પ્લેગ્રાઉન્ડનું આયોજન કરી વિકાસ કરી શકશે. જેથી સમગ્ર વિસ્તારના લોકોને શૈક્ષણિક લાભ મળી શકશે.

TOP

## સાંસ્કૃતિક વિભાગની કામગીરી

સુરત મહાનગરપાલિકા ધ્વારા અલુણાવ્રત નિમિત્તે તારીખ ૫/૭/૨૦૦૯ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે માધ્યમિક તથા ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધા અને તા. ૬/૭/૨૦૦૯ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની મહેંદી સ્પર્ધા રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ, કડીવાલા બુનકી મેટરનીટી હોમ, રૂસ્તમપુરા,સુરત ખાતે તેમજ તારીખ ૮ જુલાઈ, ૨૦૦૯ના રોજ ગોરમા ગીત સ્પર્ધા ચં.ચી. મહેતા નાટયગૃહ (રંગઉપવન), ચોક બજાર, સુરત ખાતે સવારે ૧૦.૦૦ કલાકે આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

TOP